## The Mother’s Power of work…

**MAHASARASWATI** is the Mother’s power of work and her spirit of Perfection and order. The youngest of the four, (aspects of The Mother), she is the most skilful in executive faculty and the nearest to Physical Nature… Nothing short of a perfect perfection satisfies her and She is ready to face an eternity of toil if that is needed for fulness of her creation…

‘The Mother’ **– Sri Aurobindo**

## મા ભગવતીની કર્મની શક્તિ…

**મા ભગવતીની** કર્મની શક્તિ, સુવ્યવસ્થા અને પૂર્ણતાનું તેનું સ્વરૂપ તે મહાસરસ્વતી છે. ચારે શક્તિઓમાં તે સૌથી નાની હોઈ કાર્યના અનુષ્ઠાનમાં, કાર્યવાહક શક્તિમાં તે સૌથી વધારે નિપુણ છે તથા સ્થૂલ પ્રકૃતિની તે સૌથી નિકટ છે… કેવળ સંપૂર્ણ પૂર્ણતા જ એને સંતુષ્ટ કરી શકે છે, પોતાના સર્જનને પરિપૂર્ણ કરવા માટે, જો જરૂર હોય તો, એ દેવી સનાતન કાળ સુધી પરિશ્રમ કરવાને તૈયાર હોય છે …

‘મા’ – અનુ. અંબાલાલ પુરાણી **– શ્રી અરવિન્દ**

©SRI AUROBINDO ASHRAM TRUST, PONDICHERRY.
FROM: SRI AUROBINDO KENDRA,
MATRUBHAVAN 87, SWASTIK SOCIETY, AHMEDABAD-9
https://themothersprosperity.org

# Prosperity

શ્રી માતાજીની
સિદ્ધિ-રિદ્ધિ

**2025**
**OCTOBER**
૧ ઑક્ટોબર, ૨૦૨૫

## The Mother : The Divine Shakti …
### શ્રી માતાજી : દિવ્ય શક્તિ …

There is one divine Force which acts in the universe and in the individual and is also beyond the individual and the universe. The Mother stands for all these, …

**– Sri Aurobindo**

From ‘Glimpses of The Mothers’s Life’-2 P.22

એક દિવ્ય શક્તિ જે અખિલ બ્રહ્માંડમાં અને વ્યક્તિમાં કાર્ય કરે છે તે જ પરમ શક્તિ વ્યક્તિ અને બ્રહ્માંડથી પર ઊર્ધ્વમાં પણ કાર્ય કરે છે. શ્રી માતાજી આ બધી જ શક્તિઓનું સાકાર સ્વરૂપ છે.

– **શ્રી અરવિન્દ**

## The Original Shakti: The Mother

The one original transcendent Shakti, the Mother stands above all the worlds and bears in her eternal consciousness the Supreme Divine. Alone, she harbours the absolute Power and the ineffable Presence; containing or calling the Truths that have to be manifested, she brings them down from the Mystery in which they were hidden into the light of her infinite consciousness… The Supreme is manifest in her forever as the everlasting Sachchidanand, manifested through her in the worlds as the one and dual consciousness of Ishwara-Shakti and the dual principle of Purusha-Prakriti, embodied by her in the Worlds and the Planes and the Gods and their Energies and figured because of her as all that is in the known worlds and in unknown others. All is her play with Supreme; all is her manifestation of the mysteries of the Eternal, the miracles of the Infinite. All is she, for all are parcel and portion of the divine Conscious-Force. Nothing can be here or elsewhere but what she decides and the Supreme sanctions; nothing can take shape except what she moved by the Supreme perceives and forms after casting it into seed in her creating Anand.

From: 'The Mother' **– Sri Aurobindo**

## આદ્યાશક્તિ : મા ભગવતી

એક, આદ્યા, પરાત્પરા શક્તિ, મા ભગવતી, સકળ વિશ્વોની શ્રેણીઓથી પર ઊર્ધ્વમાં બિરાજે છે. અને પોતાની સનાતન ચેતનામાં પરમ ઈશને તે ધારણ કરી રહી છે. એકલ, એ મા ભગવતી પરમ ઈશના સર્વશક્તિમાનપણાને અને તેની અવર્ણનીય સંનિધિને પોતાનામાં ધારણ કરે છે. જે સત્યો પ્રગટ કરવાનાં હોય છે તેમને પોતાનામાં ધારણ કરીને, અથવા તો પરમ ઈશની રહસ્યમયતામાં લીન રહેલાં હોય છે ત્યાંથી તેમને સાદ કરીને પોતાની અનંત ચેતનામાં નીચે ઉતારી લાવે છે, ... પરાત્પરા મા ભગવતીની ચેતનામાં પરમ બ્રહ્મ પોતે શાશ્વત સચ્ચિદાનંદ રૂપે સદા પ્રગટ રહેલ છે. અને ઈશ્વર-શક્તિની એક છતાં દ્વિદલ ચેતનામાં તે મા ભગવતી દ્વારા પ્રગટ થાય છે, તથા પુરુષપ્રકૃતિના દ્વૈત તત્ત્વરૂપે તે જ વ્યક્ત થાય છે, – અનેક સૃષ્ટિઓમાં, અને સ્તરોમાં તથા દેવો અને દેવીઓમાં એ દ્વૈત-અદ્વૈત તત્ત્વને મા ભગવતી મૂર્ત સ્વરૂપ આપે છે, તથા જ્ઞાન-અજ્ઞાન જગતોમાં જે કાંઈ છે તે સઘળું માં ભગવતીને લીધે જ સાકાર થયેલું છે. જે કાંઈ છે તે સર્વ પરમ બ્રહ્મની સાથે મા ભગવતીની લીલા છે. જે કાંઈ છે તે સઘળું શાશ્વત પરમનાં રહસ્યોનો, અનંતના ચમત્કારોનો મા ભગવતીએ કરેલો અવિર્ભાવ છે. અખિલ વિશ્વ મા ભગવતી પોતે જ છે, કારણ કે સર્વ કાંઈ દિવ્ય ચિતિના જ ભાગો અને તેનાં જ અંગો છે. અહીં આ જગતમાં કે અન્યત્ર શ્રી મા જે નિર્માણ કરે અને પરમ ઈશ જેને અનુમોદન આપે તે સિવાય કોઈ વસ્તુ અસ્તિત્વમાં આવી શકે જ નહિ. પરમ બ્રહ્મથી પ્રેરિત મા ભગવતી પોતાના સર્જક આનંદમાં બીજ રૂપે નાંખીને પોતાની જ્ઞાન- દૃષ્ટિ વડે જે વસ્તુને જુએ છે અને જેને આકાર આપે છે તે સિવાય આ વિશ્વમાં કોઈ વસ્તુ સાકાર બની શકતી જ નથી.

'મા' – અનુ. અંબાલાલ પુરાણી **– શ્રી અરવિન્દ**